**વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.**

**સભ્યશ્રીનું નામઃ- શ્રી જયસુખભાઇ કાથરોટીયા**

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૮ (૧) | ગઇ જનરલ બોર્ડમાં પાણીને લગતા પ્રશ્ન હતા (પ્રેસર નથી આવત્યં, પુરતુ પાણી નથી મળતું ગંદુપાણી આવે છે. અને વાલ્વમેન લગતા પ્રશ્ન હતા) તેમાં શું કામગીરી કરી કમિશ્નર સાહેબે જવાબદારી લીધી હતીએ એક મહિનામાં બધુ રેડી થઇ જશે શું કર્યું? | ગત જનરલ બોર્ડમાં માનનીય સભ્યો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણીનું ઓછું પ્રેશર, અપૂરતો પાણી પુરવઠો, ગંદા પાણીની ફરિયાદો તેમજ વાલ્વમેન સંબંધિત પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. તે અનુસંધાને માનનીય મ્યુનિસિપલ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર શહેરમાં વિશેષ અભિયાન હાથ ધરી પાણી વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ, પારદર્શક અને જવાબદાર બનાવવા માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે તેમજ દરેક વોર્ડમાં નાયબ કાર્યપાલક ઇજનેરની માર્ગદર્શન હેઠળ જુદી જુદી ટીમો બનાવી પાણી વિતરણનાં સમય દરમિયાન લગત વિસ્તારોમાં ડાયરેકટર પમ્પીંગ, પાણીનો ફોર્સ, પાણીની ગુણવતા, ગેરકાયદેસર કનેકશન, પાણીનો વેડફાટ બાબતે સઘન ચેકીંગની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમિયાન મુખ્યત્વે અત્યાર સુધીમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.<br><br>- સમગ્ર શહેરમાં **5,848** મિલકતોની સ્થળ પર ચકાસણી કરવામાં આવી છે.<br>- પાણી પુરવઠાને અસર કરતી ડાયરેક્ટ પમ્પિંગની **10** ઘટનાઓ સામે નોટિસો આપવામાં આવી છે તથા નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.<br>- અનધિકૃત રીતે વાલ્વ સંચાલન અટકાવવા માટે વાલ્વની ચાવીઓ મહાનગરપાલિકામાં જમા કરાવવા અંગે અંદાજીત **1,097** નોટિસો આપવામાં આવી છે.<br>- ચકાસણી દરમિયાન બંધ અથવા ખામીયુક્ત જણાયેલા **66** પાણીના મીટરોનું રિપેરિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે.<br>- બાકીના મીટરધારકોને નિર્ધારિત સમયમર્યાદામાં મીટર કાર્યરત કરવાની સૂચના આપવામાં આવી છે. સમયમર્યાદામાં પાલન નહીં કરવામાં આવે તો નિયમ મુજબ પાણીના જોડાણ વિચ્છેદ સહિતની કાર્યવાહી કરવામાં આવશે.<br>- તમામ ખામીયુક્ત મીટરો કાર્યરત થયા બાદ જ્યાં પાણીના વપરાશ અંગે શંકાસ્પદ સ્થિતિ જણાશે તેવા તમામ જોડાણોનું નિયમિત મીટર રીડિંગ લઈ વિશેષ ચકાસણી હાથ ધરવામાં આવશે, જેથી પાણીના વિતરણમાં પારદર્શિતા વધે તેમજ પાણીની ચોરી અને અનિયમિતતા ઉપર અસરકારક નિયંત્રણ રાખી શકાય.<br>- પાણી વિતરણ વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે નવી ઝોનલ વાલ્વ ઓપરેટિંગ એજન્સીની ટૂંક સમયમાં નિમણૂક |

| | | |
|---|---|---|
| | | કરવામાં આવશે. એજન્સીની નિમણૂક બાદ ઝોનવાર દૈનિક મીટર રીડિંગ, વાલ્વ ઓપરેશનનું નિયમિત મોનિટરિંગ, પાણી પુરવઠાનું વૈજ્ઞાનિક સંચાલન તેમજ ફરિયાદોના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવશે.<br>- ઉપરોક્ત કામગીરીના પરિણામે શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થામાં ગુણાત્મક સુધારો નોંધાયો છે અને અનેક વિસ્તારોમાં પ્રાપ્ત થતી ફરિયાદોમાં ઘટાડો થયો છે. જ્યાં હજુ પ્રશ્નો બાકી છે ત્યાં સ્થળ પર ટેકનિકલ તપાસ કરી તબક્કાવાર જરૂરી સુધારાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.<br>- રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાણી પુરવઠા વ્યવસ્થાને વધુ સુદ્રઢ, પારદર્શક અને નાગરિક કેન્દ્રિત બનાવવા માટે સતત મોનિટરિંગ, ટેકનિકલ સુધારાઓ અને જવાબદારી આધારિત વ્યવસ્થાપનને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે, જેથી શહેરના દરેક નાગરિકને સમાન, નિયમિત અને ગુણવત્તાયુક્ત પાણી પુરવઠો ઉપલબ્ધ થઈ શકે. |

**એડી. સીટી એન્જીનીયર**
**(સેન્ટ્રલ ઝોન)**
**રાજકોટ મહાનગરપાલિકા**

વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રી જયસુખભાઇ કાથરોટીયા

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૮ (૨) | ડી.આઇ. પાઇપ કેટલા વોર્ડમાં સંપૂર્ણ નખાઇ ગયેલ છે અને કેટલા વોર્ડમાં બાકી છે. કયારે પુરૂ થશે ટાઇમ આપવો. | રાજકોટ મહાનગરપાલિકાનાં ૧ થી ૧૮ વોર્ડ પૈકી કોઇપણ વોર્ડમાં સંપૂર્ણ ૧૦૦% ડી.આઇ. પાઇપ લાઇન નાખવામાં આવેલ નથી. શહેરના તમામ વોર્ડમાં તબક્કાવાર ડી.આઇ. પાઇપલાઇન નાખવાની કામગીરી વિવિધ યોજનાઓ તથા ઉપલબ્ધ ગ્રાન્ટ મુજબ હાથ ધરવામાં આવી રહી છે. હાલમાં અલગ-અલગ વોર્ડમાં ૨% થી ૮૫% સુધીની કામગીરી પૂર્ણ થયેલ છે તથા બાકી વિસ્તારોમાં કામ માટે જરૂરી ગ્રાન્ટ, એસ્ટીમેટ, ટેન્ડર અને આયોજનની પ્રક્રિયા પ્રગતિમાં છે.<br>બાકી રહેલ કામગીરી સ્વર્ણિમ, અમૃત યોજના તથા અન્ય ઉપલબ્ધ ગ્રાન્ટ મુજબ તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. વિવિધ વોર્ડમાં ગ્રાન્ટ મંજૂરી, ટેન્ડર પ્રક્રિયા, નેટવર્ક ડિઝાઇન અને સ્થાનિક પરિસ્થિતિઓને આધારે કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી સમગ્ર શહેર માટે એકસમાન નિશ્ચિત સમયમર્યાદા દર્શાવવી શક્ય નથી. સંબંધિત યોજનાઓ હેઠળ ગ્રાન્ટ ઉપલબ્ધ થતા પ્રાથમિકતાના ધોરણે બાકી રહેલ વિસ્તારોમાં ડી.આઇ. પાઇપલાઇનની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. જેની વોર્ડ વાઇઝ વિગતવાર માહિતી આ સાથે **એનેક્ષર – બી** થી સામેલ છે. |

એડી. સીટી એન્જીનીયર

(સેન્ટ્રલ ઝોન)

રાજકોટ મહાનગરપાલિકા

| રાજકોટ મહાનગરપાલિકા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સભ્યશ્રી જયસુખભાઇ કાથરોટીયાનાં પ્રશ્ન ક્રમ નં.૮(૨) અન્વયેની માહિતી | | | | | | |
| ડી.આઇ. પાઇપ લાઇનની વિગત | | | | | | |
| એનેક્ષર - (બી) | | | | | | |
| ક્રમ | ઝોન | વોર્ડ નં. | સંપૂર્ણ વોર્ડમાં ડી.આઇ. પાઇપ લાઇન નંખાયેલ છે (હા / ના) | વોર્ડમાં કેટલા ટકા(%) વિસ્તારમાં ડી.આઇ. પાઇપ લાઇનની કામગીરી પૂર્ણ થયેલ છે. | વોર્ડમાં કેટલા ટકા(%) વિસ્તારમાં ડી.આઇ. પાઇપ લાઇનની કામગીરી બાકી છે. | ડી.આઇ. પાઇપ લાઇન બાકી હોય, તેવા વિસ્તારમાં ડી.આઇ. પાઇપ લાઇન નાખવાનું શું આયોજન છે. |
| 1 | વેસ્ટ | 1 | ના | 40 % | 60 % | ગાંધીગ્રામ, ધરમનગર, અમૃત પાર્ક, રૈયાધાર સ્લમ કવાટર લાગુ વિસ્તારો. |
| 2 | | 8 | ના | 30 % | 70 % | કાલાવડ રોડ - નાનામવા રોડ વચ્ચેનો વિસ્તાર અને નિર્મળા રોડ તથા સહકાર રોડ વચ્ચેનો વિસ્તાર |
| 3 | | 9 | ના | 40 % | 60 % | નાણાંવટી ચોક તથા આસપાસનો વિસ્તાર, ઇન્દીરા ચોક તથા આસપાસનો વિસ્તાર, ધોળકીયા સ્કુલ તથા આસપાસનો વિસ્તાર, પરીમલ વિસ્તાર તથા આસપાસનો વિસ્તાર |
| 4 | | 10 | ના | 25 % | 75 % | જયોતિનગર, પુષ્કરધામ, પંચાયત ચોક, વી.જે. મોદી સ્કુલની બાજુનો વિસ્તાર, બ્રહ્મ ચોક બાજુનો વિસ્તાર |
| 5 | | 11 | ના | 85 % | 15% | મવડી ગામ, શિવમ પાર્ક, કિશાન પાર્ક લાગુ સોસા. |
| 6 | | 12 | ના | 60 % | 40 % | શનેશ્વર તથા ગોવિંદરત્નમાં આગામી વર્ષમાં ડી.આઇ. પાઇપ લાઇન નાંખવા અંગે બજેટની માંગણી કરવામાં આવેલ છે. |
| 7 | સેન્ટ્રલ | 2 | ના | 3 % | 97 % | ડી.આઈ. પાઈપ લાઈન બાકી હોય તેવા વિસ્તારનું બ્લોક એસ્ટીમેટ બનાવેલ છે અને ફંડ એલોકેશન માટે કાર્યવાહી ચાલુ છે |
| 8 | | 3 | ના | 55% | 45% | ડી.આઈ. પાઈપ લાઈન બાકી હોય તેવા વિસ્તારનું બ્લોક એસ્ટીમેટ બનાવેલ છે અને ફંડ એલોકેશન માટે કાર્યવાહી ચાલુ છે |
| 9 | | 7 | ના | 50% | 50% | ગુરુકુળ હેડ વર્કસ મારફત પાણી વિતરણ થતું હોઈ જેમ કે, વિજય પ્લોટ, તથા ગોડાઉન રોડની આસ પાસનો અંદાજીત 25% જેટલો વિસ્તારમાં ડી.આઈ. કામો મંજુર છે,બાકી રહેતા અન્ય વિસ્તારો જેવા કે મંગળા રોડ તથા આસપાસ નો વિસ્તાર, વિદ્યાનગર તથા આસપાસનો વિસ્તાર ,પંચનાથ, તથા આસપાસ નો વિસ્તાર, જનતા સોસા.તથા આસ પાસનો વિસ્તાર વિગરેમાં લાઈન નાખવા અંગે સર્વેની કામગીરી ચાલુ છે |
| 10 | | 13 | ના | 82% | 18% | આંબેડકરનગર, ખોડિયારનગર(પાર્ટ), સખીયાનગર તથા ગોકુલનગર ઈન્ડ.(પાર્ટ) વિસ્તાર |
| 11 | | 14 | ના | 60% | 40% | વોર્ડ નં.૭, ૧૪ અને ૧૭ માં ડી.આઇ. પાઇપ લાઇન નાખવાનું કામ મંજુર થયેલ છે. આ કામ પૂર્ણ થવાથી વોર્ડ નં.૧૪ માં ૧૦૦% ડી.આઇ. પાઇપ લાઇનની કામગીરી પૂર્ણ થશે. |
| 12 | | 17 | ના | 0% | 100% | ગુરુકુળ હેડ વર્ક અંતર્ગતના નેટવર્કની ગ્રાન્ટ તેમજ ટેન્ડર થયેલ છે, વિનોદ નગર તેમજ લાલ બહાદુર હેડ વર્ક માટે ગ્રાન્ટ મળીએથી નેટવર્ક ડિઝાઇન ની કામગીરી હાથ ધરવામાં આવશે. |
| 13 | ઇસ્ટ | 4 | ના | ૨૦% | ૮૦% | ડી.આઈ. પાઈપ લાઈન બાકી હોય તેવા વિસ્તારનું બ્લોક એસ્ટીમેટ બનાવેલ છે અને ફંડ એલોકેશન માટે કાર્યવાહી ચાલુ છે |
| 14 | | 5 | ના | ૩૫% | ૬૫% | |
| 15 | | 6 | ના | ૪૦% | ૬૦% | |
| 16 | | 15 | ના | 30% | ૭૦% | |
| 17 | | 16 | ના | ૨ % | ૯૮ % | |
| 18 | | 18 | ના | ૭૫% | ૨૫% | |

વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રી જયસુખભાઇ કાથરોટીયા

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૮ (3) | પાણી સપ્લાયની પાઇપ અને ડ્રેનેજની પાઇપનું પાણી મીક્સ થવાની તમામ વોર્ડની ફરિયાદ છે. આર.એમ.સી. પાસે જમીનમાં પાઇપ ચેક કરવા માટે (સ્કેનર મશીન અથવા એકસ-રે મશીન) છે? ના હોય તો આવું થાય? | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના કોઈપણ વિસ્તારમાં ખરાબ પાણી અથવા પાણી મિક્સ થવાની ફરિયાદ પ્રાપ્ત થાય ત્યારે તેને ઉચ્ચ પ્રાથમિકતા આપીને સંબંધિત સ્થળે તાત્કાલિક ટેકનિકલ તપાસ હાથ ધરવામાં આવે છે. સ્થળ પર પાઇપલાઇનની સ્થિતિનું નિરીક્ષણ, જરૂરી સ્થળે ખોદકામ કરીને ચકાસણી તથા સંભવિત લીકેજ અથવા અન્ય ટેકનિકલ કારણો શોધી તાત્કાલિક નિવારણની કામગીરી કરવામાં આવે છે.<br>તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૧૫/૦૭/૨૦૨૬ દરમિયાન શહેરના વિવિધ વોર્ડોમાં ખરાબ પાણી અંગે કૂલ- ૨૯૮૭ ફરિયાદો પ્રાપ્ત થયેલ છે, જેમાંથી ૨,૭૩૯ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે તથા બાકીની ફરિયાદોના નિવારણની કામગીરી પ્રગતિમાં છે.<br>હાલમાં મહાનગરપાલિકા પાસે જમીનની અંદર આવેલી પાઇપલાઇનની તપાસ માટે સ્કેનર અથવા એક્સ-રે પ્રકારની મશીનરી ઉપલબ્ધ નથી. |

એડી. સીટી એન્જીનીયર

(સેન્ટ્રલ ઝોન)

રાજકોટ મહાનગરપાલિકા